કેસ પ્રાપ્તિ તારીખ : ૧૫–૦૯–૨૦૨૧
કેસ દાખલ તારીખ : ૧૫–૦૯–૨૦૨૧
કેસ નિર્ણિત તારીખ: ૦૪–૦૮–૨૦૨૬
અવધી : ૦૪– વર્ષ, ૧૦–માસ, ૨૦–દિવસ

==

સિધ્ધપુરના મે. એડીશનલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સિધ્ધપુર, જી.પાટણ.

==

<u>ફો. કે. નં. ૫૯૨/૨૦૨૪</u>
આંક :–

અમરતભાઇ મોહનભાઇ રબારી,
ઉ. વ. ૬૨, ધંધો : છુટક દુધનો વેપાર,
રહે. સિધ્ધપુર, બિંદુ સરોવર,
તા.સિધ્ધપુર, જી.પાટણ. **.....ફરિયાદી**

<u>–:: વિરૂધ્ધ ::–</u>

દેસાઇ ઘેમરભાઇ તેજાભાઇ,
ઉ.વ.આ.પુખ્ત, ધંધોઃ વેપાર,
રહે. ગાંગલાસણ, રબારીવાસ,
તા.સિધ્ધપુર, જી.પાટણ **.....આરોપી**

ગુન્હો :– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ...

ફરિયાદી તરફે :– વિ.વ.શ્રી એમ.એમ.કુરેશી
આરોપી તરફે :– વિ.વ.શ્રી એસ.વી.વ્યાસ

-:: ચુકાદો ::-

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, ફરિયાદી ફરિયાદમાં જણાવેલ સરનામે રહે છે અને સિધ્ધપુર તથા સુરત ખાતે ભેંસોની લે-વેચનો તથા દુધનો છુટક વેપાર કરે છે. સદર કામના આરોપી પણ ગાંગલાસણ તથા સુરત ખાતે ખેતીકામ અને ભેંસોનો તબેલો ધરાવે છે. આરોપી અને ફરિયાદીને ધંધાને સંદર્ભે એકબીજાને ઓળખતા હતા. આ કામના આરોપીએ ધંધાને સબંધે જ ફરિયાદીનો વિશ્વાસ અને ભરોસો સંપાદન કરેલો હતો અને ફરિયાદી તથા આરોપી વચ્ચે વેપારી સબંધો બંધાયેલા જેથી ફરિયાદી આરોપીને ખુબ સારીરીતે ઓળખે છે. ફરિયાદી સાથે આરોપીને વેપારી સબંધો બંધાયેલા હોવાથી આરોપી અને ફરિયાદી વચ્ચે ત્રણ માસ અગાઉ ગાંગલાસણ મુકામે ભેંસોના વેચાણ તથા ખરીદીનો વ્યવહાર થયો હતો. ફરિયાદીએ આરોપીને ૮ (આઠ) ભેંસો વેચાણ આપેલી જે એક ભેંસની કિંમત રૂ. ૭૨,૫૦૦/- પ્રમાણે કુલ ૮ ભેંસોના રૂ. ૫,૮૦,૦૦૦/- નો ખરીદી તથા વેચાણનો સોદો થયો હતો. જે રકમ આરોપીએ બે માસમાં ચુકવી આપવાનો વાયદો કરેલો. આમ, મુદત સમય વિતવા છતાં આરોપીએ ફરિયાદીની બાકી લેણી રકમ ચુકવી આપેલ નહી જેથી ફરિયાદીએ આરોપી પાસે બાકીના ઉધાર રાખેલા નાણાંની વારંવાર ઉઘરાણી કરતા આરોપી ફરિયાદીના ઘરે આવી ફરિયાદીને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, લાલ દરવાજા સુરત શાખાનો ચેક નં. ૨૦૨૨૬૧ નો રૂ. ૫,૮૦,૦૦૦/- નો તા. ૦૭/૦૬/૨૦૨૧ ના રોજનો સ્વહસ્તાક્ષરમાં લખી સહી કરી ફરિયાદીને આપેલ અને પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ કે સદર ચેક ખાતાવાળી બેંકમાં પચીસેક દિવસ બાદ નાખશો એટલે ચેક મુજબના પુરેપુરા નાણાં મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ. આમ, ફરિયાદીએ આરોપીની સુચના મુજબ તે ચેક પોતાના ખાતામાં ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લિ. સિધ્ધપુર શાખામાં તા. ૦૩/૦૭/૨૦૨૧ ના રોજ જમાં કરાવતાં સદર

ચેક આરોપીના ખાતાવાળી બેંકમાં કલીયરીંગમાં જતા સદર ચેક **"ફંડ ઈનસફીશીયન્ટ"** ના શેરા સાથે તા. ૦૭/૦૭/૨૦૨૧ ના રોજ સદર ચેક પરત ફરેલ. સદર આરોપીનો ચેક પરત આવતા ફરીયાદીએ તાત્કાલિક આરોપીને જાણ કરેલ અને સદર ચેકના નાણાની ચુકવણીની માંગણી કરેલી. ત્યારબાદ ફરિયાદીએ વિ. વ. શ્રી મારફતે તા. ૨૯/૦૭/૨૦૨૧ ના રોજ તૈયાર કરેલ નોટીસ તા. ૩૦/૦૭/૨૦૨૧ ના રોજ રજી. પો. એડી. થી આરોપીને કાનુની નોટિસ આપેલી. જે રજી. પો. એડી. થી આપેલ નોટિસ આરોપીને તા. ૩૧/૦૭/૨૦૨૧ ના રોજ આરોપીના સરનામે બજી ગયેલ. આમ, નોટીસ બજી ગયેલ હોવા છતાં અને સદરહુ નોટીસની આરોપીને જાણ થઈ ગયેલ હોવા છતાં આરોપી તરફથી તેઓને કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી કે નોટીસનો કોઇ જવાબ પણ આપવામાં આવેલ નથી. આમ, આરોપીએ ફરિયાદીને ચેક લખી આપતી વખતે આપેલ વચન અને વિશ્વાસનો ભંગ કરી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલો હોઈ ફરિયાદીએ હાલની ફરીયાદ આપેલી છે. જેથી આરોપી વિરૂધ્ધ પકડ વોરંટ કાઢી પકડી મંગાવી કેસ ચલાવી ગુનો સાબિત થયે સખત શિક્ષા કરવા તેમજ મોટી રકમનો દંડ કરવા અને ચેકની રકમ ફરિયાદીને વળતર તરીકે અપવવા કરવા દાદ માંગેલ છે.

(૨) આ કામે ફરિયાદીની ફરિયાદ નીચે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૦ મુજબ સોગંદ ઉપર વેરીફીકેશન નોંધવામાં આવેલ અને ત્યારબાદ રજૂ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ. અત્રેની અદાલતે ફરિયાદ પક્ષની આ ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી, ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૪ અન્વયે આરોપી વિરૂધ્ધ સમન્સ જારી કરવાનો આદેશ કરતા, આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં, તેને કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીની આંક–૧૮ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલી. આરોપીને ગુન્હો કબૂલ નહી હોવાથી આ કેસની કોર્ટ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

(૩) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

<u>(અ) મૌખિક પુરાવો :–</u>

ક્રમ	વિગત	આંક
૧.	ફરિયાદી અમરતભાઈ મોહનભાઈ રબારીનું સોગંદનામું	૦૬

<u>(બ) દસ્તાવેજી પુરાવો :–</u>

ક્રમ	વિગત	આંક
૧	આરોપીએ ફરીયાદીને આપેલ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા, લાલ દરવાજા સુરત શાખાનો ચેક નં. ૨૦૨૨૬૧ નો અસલ ચેક.	૧૯
૨	ચેક બેંકમાં જમા કરાવ્યા અંગેની કાઉન્ટરસ્લીપ.	૨૦
૩	ચેક રીટર્ન મેમો.	૨૧
૪	આરોપીને આપેલ નોટીસ.	૨૨
૫	આરોપીને નોટીસ આર.પી.એડી. મારફતે મોકલેલ તેના પોસ્ટના ચાર્જની સ્લીપ.	૨૩
૬	આરોપીને નોટીસ આર.પી.એડી. મારફતે મોકલેલ તે નોટીસ આરોપીને બજી ગયેલ તેની એકનોલોજમેન્ટ સ્લીપ.	૨૪

(૪) આ કામે ફરિયાદપક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૨૭ થી ક્લોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ અને વિશેષ નિવેદન તૈયાર થતાં આરોપીનો પોકાર કરાવતા આરોપી હાજર રહેલ

નથી અને સદર કામ આરોપી પોતાના વિશેષ નિવેદનના હકક બાબતે હાજર રહેલ ન હોય આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે અને આ કામે તૈયાર થયેલ વિશેષ નિવેદન ફાઈલ સાથે રાખવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આરોપીને પુરાવો રજુ કરવાની પુરતી તક આપવા છતા દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરેલ ન થી.

(૬) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે આરોપી તરફે આરોપી જાતે કે તેમના વકીલશ્રી દલીલ માટે હાજર રહેલ ન હોય આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) બંને પક્ષે રજૂ થયેલ દલીલ, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: મુદ્દાઓ ::–

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, લાલ દરવાજા સુરત શાખાનો ચેક નં. ૨૦૨૨૬૧, તા. ૦૭/૦૬/૨૦૨૧ ના રોજનો, રૂા. ૫,૮૦,૦૦૦/– પુરા નો ચેક ફરિયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ અને તે ચેક વટાવવા માટે રજૂ કરતાં જે **"ફંડ ઈનસફીશીયન્ટ"** ના કારણે વણ ચુકવ્યો પરત ફરેલ અને ત્યારબાદ આરોપીને કાયદા મુજબની વૈધાનિક નોટીસ મળવા છતાં આરોપીએ નાણાં ન ચુકવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે?

(૨) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

-:: કારણો ::-

મુદ્દા નં. ૧ તથા ૨ ::-

(૧૧) સદર કામે ફરિયાદી તરફે રજૂ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન ધ્યાને લેતાં પહેલા, કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં,

કાયદાની જોગવાઈ

આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ ની જોગવાઈમાં જણાવેલ આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. કલમ-૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી મહત્વપૂર્ણ બની રહેશે જે નીચે મુજબ છે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના આવશ્યક તત્વો જોતાં-

(૧) આરોપીએ તેમના દ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરિયાદીને નાણાં ચુકવવા ચેક આપેલ,

(૨) આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો,

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પિરીયડ બંનેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ છે,

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત

ફરેલ છે,

(૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી,

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમયમર્યાદામાં ચુકવી આપેલ નથી.

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજું અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

<u>હવે સૌ પ્રથમ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો :–</u>

<u>કલમ–૧૧૮ : વટાઉખત વિશે માની લેવાની બાબત....</u>

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) <u>તારીખ વિશે :–</u>

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) <u>સ્વીકારવાના સમય વિશે :–</u>

સ્વીકારયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં

આવ્યું હતું.

(ઘ) **<u>તબદીલના સમય વિશે :–</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ચ) **<u>શેરાઓના ક્રમ વિશે :–</u>**

કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) **<u>સ્ટેમ્પ વિશે :–</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) **<u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે, પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

(૧૨) ઉપરોકત કાયદાની કલમ–૧૩૮ ની જોગવાઈને ધ્યાને રાખી શું પક્ષકારો વચ્ચે રહેલી તકરાર કાયદાની કલમ–૧૩૮ ની વિષયવસ્તુ છે કે કેમ? તે મુદ્દો નિર્ણય કરવા માટે કલમ–૧૩૮ લાગુ પાડતા પૂર્વે નિર્ધારીત કરવામાં આવેલો પૂર્વશરતો અનુસંધાને કેસની હકીકતોની વિચારણા કરવામાં આવે તો તે મુજબ

<u>પૂર્વ શરત (અ)</u> મુજબ જે તારીખે ચેક લખ્યો તે તારીખથી નિયત મુદતની

અંદર ચેક બેંકમાં રજૂ કરવો આવશ્યક છે. તે મુદ્દા અનુસંધાને રેકર્ડ ઉપર રજૂ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૯, તા. ૦૭/૦૬/૨૦૨૧ ના રોજનો વાદગ્રસ્ત ચેક આરોપીએ આપેલો. આ ચેક તા. ૦૩/૦૭/૨૦૨૧ ના રોજ બેંકમાં જમા કરાવેલ તે અંગેની હકીકત ફરિયાદીએ જણાવેલ છે. તેમજ આંક–૧૯ વાળો ચેક વંચાણે લેતાં સદર વાદગ્રસ્ત ચેક તા. ૦૭/૦૬/૨૦૨૧ ના રોજનો છે. આંક–૨૧ થી બેંકનો રીટર્ન મેમો રજૂ થયેલ છે, જે વંચાણે લેતાં તા. ૦૭/૦૭/૨૦૨૧ ના રોજનો હોવાનું જણાય છે. આમ, સદર તકરારી આંક–૧૯ વાળો ચેક કાયદા મુજબની સમય મર્યાદામાં જમા કરાવવામાં આવેલ છે.

પૂર્વ શરત (બ) અનુસંધાને પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદી વાદગ્રસ્ત ચેક જે તા. ૦૩/૦૭/૨૦૨૧ ના રોજ વટાવવા ગયેલા ત્યારે "ફંડ ઈનસફીશ્યન્ટ" ના શેરાથી પરત ફરેલો જે ફરિયાદી ધી મહેસાણા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લિ. સિધ્ધપુર શાખામાં ખાતું ધરાવે છે, બેંકનો રીટર્ન મેમો આંક–૨૧ થી રજૂ છે. જે ધ્યાને લેતાં સદરહુ ચેક આરોપીના ખાતામાં ફંડ ઈનસફીશ્યન્ટ હોવાના કારણે આંક–૧૯ વાળો ચેક પરત ફરેલ છે. જેથી ફરિયાદીને આંક–૧૯ વાળા ચેકના નાણાં મળેલ નથી. ફરિયાદીએ આરોપીને તા. ૩૦/૦૭/૨૦૨૧ ના રોજ વકીલશ્રી મારફત નોટીસ આપેલી જે આંક–૨૨ થી રજૂ કરેલ છે. જે ધ્યાને લેતાં તા. ૨૯/૦૭/૨૦૨૧ ની હોવાનું જણાય છે. સદર નોટીસ આરોપીને તેઓના ઘરના સરનામે રજી.પો.એડી.થી મોકલવામાં આવેલ તેમજ પોસ્ટની વિન્ડો સ્લીપ આંક–૨૩ થી રજૂ કરેલ છે અને આર.પી.એડી.થી નોટીસ બજી ગયા અંગે પોસ્ટ વિભાગનો એકનોલોજમેન્ટ સ્લીપ આંક–૨૪ થી રજુ કરેલ છે. જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાનો ફરિયાદીએ પુરાવો આપેલ છે. આમ, આ કામના ફરિયાદીએ આરોપીને લેખિતમાં બેંક પાસેથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર લેખિતમાં નોટીસ આપીને સદર નાણાંની જ ચુકવણી કરવા માટે માંગણી કરેલ છે તેથી **પૂર્વશરત (બ)** પણ પરિપૂર્ણ થયેલ છે.

પૂર્વ શરત (ક) અનુસંધાને વિચારણા કરવામાં આવે તો આ કામના આરોપીએ ફરિયાદી ની આંક–૨૨ ની નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન કે વ્યવહાર નહીં કરતા તેના વિરૂધ્ધ હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આમ, કાયદાની કલમ–૧૩૮ ની જોગવાઈ આકર્ષવા માટે કાયદાએ નિર્ધારીત કરેલ તમામ શરતો અત્રે પરિપૂર્ણ થવા પામેલ છે. ફરિયાદ પક્ષ તરફે કાયદાની કલમ–૧૩૮ માં સમાવિષ્ટ થયેલ મૂળભુત તત્વો પુરવાર કરવામાં સફળ થયેલ છે. હવે કાયદાની કલમ–૧૩૯ અન્વયે કરવામાં આવેલી જોગવાઈ ધ્યાને લેવી અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે, જે નીચે મુજબ છે.

કલમ–૧૩૯– ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–

વિરૂધ્ધની હકીકત સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

વિશેષમાં કાયદાની કલમ–૧૩૯ અનુસંધાને **નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા રંગપ્પા વિરૂધ્ધ શ્રી મોહનના કિસ્સામાં આપવામાં આવેલ ચુકાદો જે ૨૦૧૦ (૧) ડીસીઆર ૭૦૬ સુપ્રિમ કોર્ટથી** પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે ધ્યાને લેવો અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી દ્વારા ચેકમાંથી સહી તેની પોતાની છે તે હકીકતનો સ્વીકાર કર્યા બાદ વટાઉખત અધિનિયમની કલમ–૧૩૯ અન્વયે આદેશાત્મક અનુમાન દોરવું રહયું કે ચેક કાયદેસરના લેણાં કે જવાબદારી પેટે આપવામાં આવેલ. અલબત, સદર અનુમાન ખંડનાત્મક અનુમાન છે અને તેનો ખંડન કરવાનો બોજો આરોપીના શીરે છે અને આરોપીએ માનવાલાયક બચાવ રજૂ કરવાનો છે. હકીકત

એવી છે કે, માત્ર માની શકાય તેવા ખુલાસાથી અપેક્ષા આરોપી પાસે રાખવામાં આવતી નથી, પરંતુ માની શકાય તેવા ખુલાસાથી વધુ સચોટ એવો ખંડનાત્મક પુરાવો કે જે પ્રોબેબલ "સંભવિત" અને કોર્ટ દ્વારા સ્વીકારી શકાય તેવો હોવો જોઈએ. વિશેષમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, ફરિયાદીએ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે, પરંતુ જયાં સુધી આરોપીને લાગે વળગે છે ત્યાં સુધી આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડસ ઓફ પ્રોબેબીલીટીના આધારે પુરવાર કરવાનો છે અને આરોપીએ પોતાનો બચાવ સાબિત કરવા માટે વિટનેશ બોકસમાં આવવાની આવશ્યકતા નથી, પરંતુ ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું ખંડન કરીને પોતાનો બચાવ પુરવાર કરી શકે છે અને આરોપી જો ફરિયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો તેવા સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર બને છે. તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા દિલાવરસિંહ મોકુભા ઝાલા વિ. ગુજરાત રાજયના કિસ્સામાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૨૦૧૨(૨) ડીસીઆર ૩૭૨ થી** પ્રસિધ્ધ થયેલ છે તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટે સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી કાયદાની કલમ-૧૩૯ અન્વયે રહેલ આદેશાત્મક અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તે તબકકેના પુરાવાનો બોજો ફરિયાદીના શીરે તબદીલ થાય છે અને ફરિયાદીએ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવી પડે.

(૧૨.૧) ફરિયાદ પક્ષ તરફે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં ફરિયાદીએ આંક-૦૧ વાળી ફરિયાદમાં જણાવેલ તમામ હકીકતોને વળગી રહી અને ફરિયાદને સમર્થનકારી પુરાવો આપતું સરતપાસનું સોગંદનામું આંક-૦૬ થી રજૂ કરેલ છે અને આંક-૧૯ થી ૨૪ વાળા દસ્તાવેજો રજૂ કરેલ છે. આ તમામ હકીકતોને આ કામે આગળ ઉપર વિગતવાર જણાવવામાં આવેલ હોવાથી તેનું પુનરાવર્તન થતું અટકાવવા માટે

ફરીથી વર્ણન કરવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામના આરોપી કે તેમના વિ.વ. શ્રી હાજર ન હોય અને આરોપી તરફે ઉલટ તપાસ કરવા માટે કોઇ કાર્યવાહી કરેલ ન હોય ત્યારે આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી પોતાના બચાવનો પુરાવો રજૂ કરવા માટે પણ હાજર રહેલ નથી કે દલીલો માટે પણ હાજર રહેલ નથી.

(૧૨.૨) આમ, રેકર્ડ વંચાણે લેતાં આંક–૧૯ વાળો ચેક તા. ૦૭/૦૬/૨૦૨૧ ના રોજનો સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા, લાલ દરવાજા સુરત શાખાનો છે અને સદર ચેક આંક–૨૧ વાળા અસલ રીટર્ન મેમા મુજબ Funds Insufficient ના શેરા સાથેનો તા. ૦૭/૦૭/૨૦૨૧ ના રોજનો છે, ત્યારબાદ આંક–૨૨ વાળી લેખિત નોટીસ વંચાણે લેતાં તા. ૩૦/૦૭/૨૦૨૧ ના રોજની મોકલેલ જે ફરિયાદીએ કાયદાની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં લેખિત નોટીસ આપેલ છે. આ કામે રજૂ થયેલ આંક–૨૩ ની પોસ્ટીની વિન્ડો સ્લીપ તથા આંક–૨૪ ની પોસ્ટ વિભાગનો એકનોલોજમેન્ટ સ્લીપ વંચાણે લેતાં નોટીસ આરોપીને મળી ગયેલ હોવાનું જણાય છે અને ત્યારબાદ હાલની ફરિયાદ તા.૧૫/૦૯/૨૦૨૧ ના રોજ દાખલ કરેલ છે, જે ફરિયાદ રજીસ્ટરે લેવામાં આવેલ છે. આમ, ફરિયાદીએ આંક–૦૧ વાળી ફરિયાદ દાખલ કરી ત્યાં સુધીના દરેક સ્ટેજે કાયદામાં કરેલ મેન્ડેટરી જોગવાઈનું પાલન થયેલ છે.

(૧૨.૩) સદર કામે પુરાવાનું મુલ્યાંકન કરતા ફરિયાદીની ફરિયાદ મુજબ આ કામના ફરિયાદીએ આરોપીને ૮ (આઠ) ભેંસો વેચાણ આપેલ હોવાની રજૂઆત સાથે ફરિયાદીએ આરોપીને લેણી બાકી રહેતી રૂા.૫,૮૦,૦૦૦/– ની કુલ ૮(આઠ) ભેંસો ઉધાર આપેલ તેવી હકીકત છે. ફરિયાદીના આંક–૦૬ ના સરતપાસના સોગંદનામામાં સદર હકીકતને સમર્થનકારી પુરાવો આપેલો છે, પરંતુ આ કામના આરોપી, ફરિયાદીની સદર હકીકતનું ખંડન કરતી ઉલટ તપાસ માટે કે દલીલ માટે હાજર રહેલા ન હોય અને આ કામના ફરિયાદીના પુરાવાને પડકારેલ ન હોય તેવા સંજોગોમાં આંક–૧૯ વાળા

તકરારી ચેકમાં આરોપીની સહી હોવાની હકીકત ફરિયાદી પુરવાર કરે છે.

(૧૨.૪) આમ, આંક–૧૯ વાળા તકરારી ચેકમાં આરોપીની સહી હોવાની હકીકત ફલિત થતી હોય ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ફરિયાદીની તરફેણમાં અનુમાન થાય છે કે, આ કામના આરોપીએ દેવા અથવા તો અંશતઃ દેવા પેટે કાયદેસરના લેણાં માટે તકરારી ચેક ફરિયાદીને આપેલ છે. આ અનુમાન નું ખંડન આરોપી પોતે વિટનેશ બોકસમાં પુરાવો આપીને કે આરોપી તેમના તરફે સાહેદ તપાસીને કે ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન કરી શકે છે. હાલના કેસમાં આરોપીએ પોતે વિટનેશ બોકસમાં આવીને કે સાહેદને તપાસીને પુરાવો આપેલ નથી, પરંતુ તેઓ ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરિયાદીની તરફેણમાં થયેલ છે તેનું ખંડન કરી શકે ત્યારે આરોપીએ ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન આ અનુમાનનું ખંડન કરેલ છે કે કેમ તે અંગે રેકર્ડ ઉપર આવેલો પુરાવો વંચાણે લેતાં આ કામના આરોપી ફરિયાદીની ઉલટ તપાસ માટે હાજર રહેલ ન હોય જેથી આરોપી તથા ફરિયાદી વચ્ચે ૮(આઠ) ભેંસો ઉધાર આપેલના નાણાની લેતી દેતીનો વ્યવહાર થયેલાનું અને તે વ્યવહાર પેટે ફરિયાદીએ આરોપીને લેણી બાકી રહેતી રકમ રૂા.૫,૮૦,૦૦૦/– પુરા આપેલાની હકીકતથી વિરૂધ્ધ આરોપી ઉલટ તપાસ માટે હાજર રહી સંભવિત બચાવ લીધેલ ન હોય જેથી આરોપી અને ફરિયાદી વચ્ચે કાયદેસરનો વ્યવહાર થયેલાની હકીકત ફલિત થાય છે અને આ રીતે આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન કરવામાં સફળ થયેલા નથી.

(૧૩) સદર કામે પુરાવાનું મુલ્યાંકન કરતા એકવાર એવું પુરવાર થાય કે, આરોપીએ સહી કરીને ચેક આપેલ છે તો તે ચેક લેણી રકમની ચુકવણી માટે આપવામાં આવેલ હોવાનું અનુમાન થાય અને તે અનુમાન ખંડનીય છે અને તેનું ખંડન કરવા આરોપીએ ફરિયાદીના પુરાવા પરથી કે પોતે પુરાવો રજૂ કરીને કરી શકે. હાલના કામે આરોપીએ ફરિયાદવાળો ચેક સહી કરીને

ફરિયાદીને આપેલ હોવાનું જણાવેલ છે, ત્યારે તે ચેક ફરિયાદીના કાયદેસરના લેણાં પેટે ફરિયાદીને આપેલ નથી તે આરોપીએ પુરવાર કરવું જોઈએ પરંતુ ઉપરોકત રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આરોપીએ સદર ચેક ફરિયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ નથી તેવું પુરવાર કરવા માટે આરોપી હાજર રહેલ નથી કે ફરિયાદીના પુરાવાને પડકારેલ નથી જેથી સદર ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ નથી તેવું પુરવાર કરી શકેલ નથી, જેથી સદર ચેક ફરિયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણી માટે આપેલ છે તેવું ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબનું અનુમાન કરવાનું રહે છે. હાલના કામે આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન કરતો કોઈ પુરાવો રજૂ કરેલાનું જણાય આવતું ન હોય ત્યારે ઉપરોકત ચુકાદાઓ તથા રેકર્ડ પરના પુરાવાના આધારે ફરિયાદી પોતાનો કેસ પુરવાર કરતા હોવાનું જણાય આવે છે.

(૧૪) આમ, ઉપરોકત રજૂ થયેલ પુરાવા ઉપરથી એ હકીકત સ્પષ્ટપણે જણાય આવે છે કે, આરોપીએ ફરિયાદીને સહી કરીને ચેક આપેલ છે, જયારે આરોપીએ ચેક આપેલ હોવાનું પુરવાર થતું હોય ત્યારે તે ચેક કાયદેસરની લેણી રકમની ચુકવણી માટે આપવામાં આવેલ હોવાનું અનુમાન થાય અને તે અનુમાન ખંડનીય છે. સદર કામે ફરિયાદીની આરોપી પાસે ફરિયાદ મુજબની રકમ લેણી નીકળતી હોવાની હકીકત જણાય આવે છે. જયારે આરોપીએ સદર રકમ ફરિયાદીને ચુકવી આપેલ હોવાનું જણાવતા હોય તો તે બાબતે કોઈ જ પુરાવો આરોપી તરફે રજૂ કરવામાં આવેલ નથી કે ફરિયાદીના પુરાવા પરથી પણ તેનું ખંડન કરતો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર રજૂ થયેલ હોવાનું જણાય આવતું નથી.

(૧૫) આમ, હાલના કેસમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ તેમજ ઉપરોકત કરેલ ચર્ચાને આધારે ફરિયાદી પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલ હોય અને તેથી ફરિયાદ પક્ષે કરવામાં આવેલ દલીલો સાથે તેઓ સમંત થતા હોય. આમ, આ કામના ફરિયાદી દ્વારા આરોપીએ ફરિયાદીને આપેલ ચેક " Funds Insufficient " ના કારણે પરત ફરેલ હોય અને જેના

નાણાં ન ચુકવી આરોપી દ્વારા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરેલ હોય તે સંજોગોમાં **મુદ્દા નં. ૧** નો નિર્ણય " **હકારમાં** " ઠરાવું છું. અને આ કામના આરોપી દેસાઈ ઘેમરભાઈ તેજાભાઈ, ઉ.વ.આ.પુખ્ત, ધંધોઃ વેપાર, રહે. ગાંગલાસણ, રબારીવાસ, તા.સિધ્ધપુર, જી.પાટણ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવું છું અને આ કામે આરોપી પોતાનો બચાવ રજૂ કરવા માટે કે પોતાનો પુરાવો રજૂ કરવા માટે હાજર રહેલ નથી અને આજરોજ પણ આરોપી હાજર નથી ત્યારે આરોપીને સજા બાબતે સાંભળવા બાકી રાખવા જરૂરી જણાતું ન હોય ન્યાયના હિતમાં **મુદ્દા નં. ૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: આખરી હુકમ ::–</u>

(૧) આ કામના આરોપી દેસાઈ ઘેમરભાઈ તેજાભાઈ, ઉ.વ.આ.પુખ્ત, ધંધોઃ વેપાર, રહે. ગાંગલાસણ, રબારીવાસ, તા.સિધ્ધપુર, જી.પાટણ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ તકરારી ચેકની રકમ રૂ.૫,૮૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ એંસી હજાર પુરા) ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરિયાદીને વળતર પેટે હુકમ તારીખથી દિન–૧૫(પંદર) માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દિન–૧૫(પંદર) માં વળતરની રકમ ચુકવીના આપેતો આરોપીએ વધુ માસ–૦૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮

મુજબ હાલના કામે કાચા કામના કેદી તરીકે જો કોઈ સમય કેદમાં વિતાવેલ હોય તો મજરે આપવો.

(૪) ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૬૩ મુજબ આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે આપવી.

(૫) આરોપીના જામીનખત તથા જાત મુચરકો આથી રદ કરવા હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામના આરોપી હાજર ન હોય આરોપીને સજાનો હુકમ થયેલ હોય તેથી સજા વોરંટ ઇસ્યુ કરવું.

હુકમ આજ રોજ તા. **૦૪થી,** માહે **ઓગષ્ટ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૪/૦૮/૨૦૨૬

સિધ્ધપુર, જી.પાટણ.

(નિતિનચંદ્ર નવિનચંદ્ર દવે)
કોડ નં.જીજે ૦૧૦૬૯
એડી.ચીફ જયુ. મેજીસ્ટ્રેટ,
સિધ્ધપુર.

NISHA RAVAT
STENO